મહત્તમ : ૨૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૫૬ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરના ચ માર્ગ પર વાહનનો ખડકલો સર્જાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં ખાદ્ય-ખોરાક પ્રદર્શનન ચાલી રહ્યું છે. આજે આ પ્રદર્શનનો ત્રીજો દિવસ હતો, રવિવાર હોવાથી આજે મુલાકાતીઓનો ભારે ધસારો રહ્યો હતો. હોટલ, રેસ્ટોરન્ટ અને ગૃહ ઉદ્યોગ, વેપાર માટે ઉપયોગી આધુનિક મશીનરી જોવા અને ખરીદી માટે મુલાકાતીઓ આવી રહ્યા છે, પરંતુ તેમના વાહન પાર્ક કરવા માટે તંત્ર દ્વારા કોઈ જગ્યા ફાળવાઈ નથી. પાર્કીંગ માટે જગ્યા ન હોવાથી માર્ગ વચાળે વાહનો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર વાહનો મુકીને મુલાકાતીઓ જતા રહેતા સેકટરના અન્ય વસાહતીઓ તેમજ ટ્રાફિક જામને પગલે નાગરીકોને હેરાન પરેશાન થઈ ગયા હતા.

શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી ખાદ્ય ખોરાક પ્રદર્શન યોજવામાં આવે છે. જેમાં ભારતભરમાંથી વેપારીઓ ભાગ લે છે. જયારે આ પ્રદર્શન નિહાળવા માટે રાજયભરમાંથી મુલાકાતીઓ આવી ખાદ્ય ખોરાક પ્રદર્શનની મુલાકાત લેતા હોય છે. અને પોતાના વેપાર ધંધાને ઉપયોગી ચીજવસ્તુઓના ઓર્ડર તેમજ ખરીદી કરે છે. રોજના લાખો મુલાકાતીઓ ખાદ્ય ખોરાક પ્રદર્શનની મુલાકાત લેતા હોય છે. ત્યારે આ પ્રદર્શનનું આયોજન કરનાર પાર્કીંગની વ્યવસ્થા કરવામાં નિષ્ફળ નિવડ્યા છે. ચ માર્ગ પાસે મુખ્ય પ્રવેશદ્વાર તૈયાર કરાયો છે. જેથી ટાઉનહોલ સામેનું પાર્કીંગ હાઉસ ફુલ થઈ જાય છે, તેમા પણ ગણતરીની ગાડીઓ મુકાય તેટલી જ કેપીસીટી છે. ત્યારે મુલાકાતીઓ પ્રદર્શનથી નજીકના અંતરે મુખ્ય ચ માર્ગ પર ગાડીઓ મુકીને જતા રહ્યા હતા. ચ-૪ થી ચ-૫ સુધી ગાડીઓનો ખડકલો સર્જાયો હતો. તે ઉપરાંત સચિવાલયના પીકઅપ-ડ્રોપ બસ સ્ટેન્ડ સહિત સેકટરના આંતરીક માર્ગો પાર્કીંગમાં ફેરવાઈ ગયા હતા. મુલાકાતીઓને જ્યાં જગ્યા મળે ત્યાં પોતાની કાર મુકતા હતા. અડચણ રૂપ વાહનો મુકતા નાગરીકો તેમજ સ્થાનિક નાગરીકોને ભારે પરેશાન વેઠવી પડતી હોય છે. જયારે ડીવાયએસઓની પરિક્ષા હોવાથી શાળાઓની આસપાસ પણ ટ્રાફિક જામ અને વાહન પાર્કીંગની સમસ્યા ઉઠવા પામી હતી. જયારે રવિવારની રજા હોવા છતા શહેરના મુખ્ય માર્ગો પર વાહન વ્યવહાર મોટી માત્રામાં જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં શિયાળાની ઠંડી ધીમે ધીમે તેની પક્કડ જમાવતી જાય છે અને ઠંડી વધવાની સાથે જ શહેરમાં ઝુંપડપટ્ટી કે રોડ સાઈડ છાપરાં બાંધીને ખુલ્લામાં રહેતા શ્રમજીવી વર્ગના જરૂરિયાતમંદ પરીવારોની હાલત કફોડી થવા લાગી છે. રાત્રિના સમયે સતત ફુંકાતા પવનને કારણે ઠંડી વધુ આકરી બને છે. ત્યારે આ પરિવારોના હાડ ધ્રુજી ઉઠે છે. આ સ્થિતિમાં શહેરના સેવાભાવી નાગરિકો તથા સંસ્થાઓ દ્વારા શકય હોય તેટલી મદદ કરવાના પ્રયાસરૂપે ગરમ વસ્ત્રો અને ધાબળા વગેરેનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. શહેરમાં સે-૧૧માં ઈલેકટ્રોનિકસ ચીજવસ્તુઓનો શોરૂમ 'સેફ ઝોન'ના સંચાલક કૌશિકભાઈ દ્વારા રાત્રિના સમયે જરૂરિયાતમંદ પરીવારોને ધાબળાનું વિતરણનું તેમની અનુકંપા પ્રદર્શિત કરતું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

પેથાપુરમાંથી વરલી મટકાનો જુગાર રમતા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

પેથાપુર પોલીસને ગઈકાલે બાતમી મળી હતી કે પેથાપુર ચોકડી થી ચરડી રોડ પર જતા રસ્તા ઉપર આવેલા એક ગલ્લાની આડમાં વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડયો હતો અને ગલ્લામાં વરલી મટકાનો જુગાર રમી રહેલા બે શખ્સોને પકડી પાડયા હતા. વરલી મટકાના સાહિત્ય તથા રોકડ મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ કરીને પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે આ ગુનામાં સૂત્રધાર શૈલેન્દ્રસિંહ ઉર્ફે સ્ટેલી ફરાર છે. તેની ધરપકડ માટે પેથાપુર પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

પેથાપુર પોલીસ મથકના પી.એસ.આઈ એ.જી.એનુરકાર ગઈકાલે તેમની ટીમ સાથે પેથાપુર ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન તેમને ચોક્કસ બાતમી મળી હતી કે પેથાપુર ચોકડી થી ચરેડી રોડ ઉપર આવેલા ગલ્લાઓની ઓથમાં જયદીપસિંહ જશવંતસિંહ રાઠોડ પોતાના મોબાઈલ ફોન મારફતે વરલી-મટકાનો જુગાર રમાડી રહ્યો છે. આ બાતમીના આધારે ગલ્લા ઉપર દરોડો પાડીને પેથાપુર પોલીસની ટીમે

પેથાપુરમાં રહેતા જયદીપ જસવંતસિંહ રાઠોડ અને અશોક ગોપાલદાસ પટેલ નામના બંને શખ્સોની વરલી મટકાના જુગાર રમાડવા માટે વપરાતા બે મોબાઈલ તથા રોકડ રૂ.૧૨૮૦ મળીને કુલ રૂ.૪૭૮૦ ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. જયારે આ ગુનાનો સૂત્રધાર શૈલેન્દ્રસિંહ ઉર્ફે સ્ટેલી શંકરસિંહ વાઘેલા પોલીસ રેડ દરમિયાન હાજર મળી આવ્યો ન હતો. પેથાપુર પોલીસે ત્રણેય સામે ગુનો દાખલ કરીને બે શખ્સોની ધરપકડ કરી ફરાર સ્ટેલીને પકડવા બાતમીદારો સક્રિય કર્યા છે.

કોલવડા ગ્રામ પંચાયત બહાર સરપંચ ઉપર છરીથી હુમલો

લાઈનમાં બેસવાનું કહેતા ઉશ્કેરાયેલા શખ્સે સરપંચ ઉપર જીવલેણ હુમલો કર્યો : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામમાં રહેતા વૃદ્ધ સરપંચ ઉપર ગઈકાલે બપોરના અરસામાં કોલવડા ગ્રામ પંચાયતની સામે જ છરી વડે હુમલો થતા ચકચાર મચી જવા પામી છે. કોલવડા ગામનો એક શખ્સ ગ્રામ પંચાયતમાં કામ અર્થે આવ્યો હતો ત્યારે તેને લાઈનમાં ઊભા રહેવાનું કહેતા ઉશ્કેરાઈ ગયો હતો અને સરપંચને ગ્રામ પંચાયતની બહાર ઉભા રાખીને ગળાના ભાગે છરી મારી દીધી હતી. ઈજાગ્રસ્ત સરપંચે હોસ્પિટલમાં સારવાર લીધા બાદ પેથાપુર પોલીસમથકમાં હુમલાખોર સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

કોલવડામાં ઉમીયાનગર સોસયાટીમાં રહેતા ૬૩ વર્ષિય વૃદ્ધ રમેશભાઈ ભોળાભાઈ પટેલ છેલ્લા સાતેક વર્ષથી કોલવડા ગામના સરપંચ છે. તેમણે પેથાપુર પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદ મુજબ ગઈ કાલે બપોરે તેઓ પંચાયત ઓફિસ ખાતે હાજર હતા. ગાંધીનગર તાલુકો સરકારે અસરગ્રસ્ત જાહેર કરેલો હોવાથી ખેડૂતો સહાયના કામોને લઈને પંચાયત ઓફિસે ભેગા થયા હતા. તે સમયે આ જ ગામના શંકરજી રામાજી નરૂફા આવ્યા હતા અને લાઈનમાં ઉભા રહ્યા ન હતા અને બીનજરૂરી બોલાચાલી કરતા હતા. સરપંચે તેમને લાઈનમાં ઉભા રહેવાનું કહેતા આ બાબતે ખોટું લાગતા શંકરજી ઉશ્કેરાઈ ગયા હતા. સરપંચને બહાર આવ એમ કહી નીકળી ગયા હતા. ત્યાર બાદ થોડા સમય બાદ સરપંચ પંચાયત ઓફિસની બહાર આવેલા અને એકિટવા ચાલુ કરવા ગયા હતા. તે સમયે આવી ચઢેલા શંકરે જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા. જે બાબતે માથાકુટ થતા શંકરજીએ કમરમાં રાખેલી છરી બહાર કાઢીને હુમલો કરી દીધો હતો. જેમાં ચપ્પાનો ઘસરકો સરપંચને ગળાના ભાગે વાગતા લોહી નીકળવા લાગ્યુ હતુ. જેને પગલે લોકો ભેગા થઈ જતા શંકરજી ત્યાંથી જતા રહ્યા હતા અને જતા-જતા હવે મળીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. તાત્કાલિક સરપંચને ગાંધીનગર હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા અને ત્યાથી રજા મળતા મોડી સાંજે આ અંગે સરપંચ રમેશભાઈ પટેલે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસીની કલમ ૩૨૪, ૫૦૪, ૫૦૬ (૨) મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સે-૧૨ બલરામ મંદિર પરિસર ખાતે વિરાટ પુસ્તકમેળાનો પ્રારંભ

ગાંધીનગરની ગાયત્રી શક્તિપીઠ દ્વારા યુગ સાહિત્ય વિસ્તાર યોજના અંતર્ગત શહેરમાં વિરાટ પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિરાટ પુસ્તક મેળાનો આજથી પ્રારંભ થયો છે જે આગામી તા. ૨૩મી ડિસેમ્બર સુધી દરરોજ સવારે ૯ થી સાંજના ૮ વાગ્યા સુધી સેક્ટર-૧૨માં ઘ-રોડ નજીક ઉમિયામાતાજીના મંદિર પાસેના બલરામ મંદિર પરિસર ખાતે યોજવામાં આવ્યો છે.

બલરામ મંદિર પરિસરમાં યોજાયેલા વિરાટ પુસ્તક મેળામાં નાગરિકોને યુગ ઋષિ નિર્મિત જીવન ઉપયોગી સદ્‌સાહિત્ય પ્રાપ્ત કરવાની સુખદ તક પ્રાપ્ત થઈ રહી છે જેમાં ૩૨૦૦થી વધુ પુસ્તકો ઉપલબ્ધ છે. વિરાટ પુસ્તક મેળામાં વ્યક્તિ નિર્માણ, પરિવાર નિર્માણ, સમાજ નિર્માણ, વિદ્યાર્થીઓ માટે પ્રેરક સાહિત્ય, રાષ્ટ્ર નિર્માણ, સ્વાસ્થ્ય અને વનૌષધિ, શિક્ષણ અને સ્વાવલંબન, સતચિંતન વિચાર, યુગ પરિવર્તન સાહિત્ય, અધ્યાત્મનું વૈજ્ઞાનિક પ્રતિપાદન, સપ્ત ક્રાંતિ, આર્ષ ગ્રંથ, ગાયત્રી વિદ્યા, યજ્ઞ, વ્યસનમુક્તિ અને પર્યાવરણ તથા મહિલા સશક્તિકરણ જેવા વિષયો આધારિત પુસ્તકો રાહતદરે ઉપલબ્ધ છે. જેનું સાહિત્ય બ્રહ્મભોજ યોજના અંતર્ગત ૫૦ ટકા મૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

કરુણા હેલ્પ લાઈનની કરુણતા મરી પરવારી

વાવોલમાં ઘાયલ કપીરાજની સારવાર માટે હેલ્પલાઈનની ટીમ ન આવી

રાજયના છેવાડાના નાગરીકો સુધી આરોગ્યલક્ષી સારવાર મળી રહે તે માટે વિભાગ દ્વારા રાત દિવસ કામ કરવામાં આવી રહ્યું છે. ૧૦૮ ની સુવિધા નાગરીકો માટે આશિર્વાદરૂપ સાબિત થઈ છે. ત્યારે નાગરીકો માટે ઈમરજન્સી સેવા કાર્યરત કરી તે રીતે પશુ-પક્ષીઓ માટે પણ રાજય સરકારે કરૂણા હેલ્પ લાઈન શરુ કરવામાં આવી છે. પરંતુ આ કરુણા હેલ્પલાઈનના કર્મચારીઓની કરુણતા મરી પરવારી હોય તેવો કિસ્સો તાજેતરમાં શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં બનવા પામ્યો છે. જેમાં દર્દથી કણસી રહેલા કપીરાજની સેવામાં નારાયણ નગરના વસાહતીઓ ખડેપગે ઉભા હતા. પ્રાપ્ત માહિતી મુજબ ન્યું વાવોલ હરીનગર ખાતે એક વસાહતીના ધાબા પર હાથે ઈજા પામેલ કપીરાજ આવી ગયો હતો. ત્યારે કપીરાજને સારવાર મળી રહે તેવા ઉદેશ્યથી નાગરીકોએ કરુણા હેલ્પ લાઈનમાં ફોન કરીને ઘાયલ કપીરાજની સારવાર માટે જણાવ્યું હતું. તો સામે છેડે થી કરુણતા વિહીન કર્મચારીએ અમારામાં ના આવે તેમ કહી ચોખ્ખી ચટ ના પાડી હતી. જેથી ત્યાં હાજર સૌ કોઈ સમસમી ઉઠ્યા હતા. આખરે કોલ કરીને સેવાભાવી વસાહતીઓએ અન્ય ડોકટરને બોલાવી કપીરાજની સારવાર કરાવી હતી. પરંતુ હેલ્પ લાઈન તરફથી આ પ્રકારનો જવાબ સાંભળવા મળતા નાગરીકો પણ હેબતાઈ ગયા હતા. રાજય સરકાર પશુ પક્ષીઓ માટે કરુણા હેલ્પ લાઈન તો બનાવી છે પરંતુ કર્મચારીઓ કરુણા વિહિન બેસાડ્યા હોય તેમ લાગી રહ્યું છે. જયારે કરુણા હેલ્પ લાઈનમાં આ પ્રકારના જવાબો આપી સારવાર માટે ન જેવા ટેવાયેલા કર્મચારીઓ સામે તંત્રએ પણ દંડનીય કાર્યવાહી કરવાની જરુર છે.



જીંદગીના નવા વળાંકે સાહસિક મહિલાનો 'બેસ્ટ ટર્ન આઉટ..'!!

પરણીને ઠરીઠામ થયેલી મહિલાએ ત્રણ સંતાનોની માતા બન્યા પછી અચાનક નવી 'ઈનિંગ' શરુ કરી : શાળા કોલેજ સ્પોર્ટસ તથા એનસીસીની સાહસિક પ્રવૃત્તિ કામ લાગી અને સૈન્ય સમકક્ષ ઓફિસર્સ ટ્રેનિંગ મેળવી 'થર્ડ સ્ટાર આર્મી ઓફિસર' સમકક્ષ 'સ્ટાર' પણ પ્રાપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૬

'જો અડગ રહેવાનો નિશ્ચય ધરતીના જાયા કરે,
એ પડે તો એનું રક્ષણ એના પડછાયાં કરે.'

કવિ ગની દહીંવાલાએ બે લીટીની પકિતમાં આત્મવિશ્વાસ અને સાહસનો મહિમા ખૂબ સુપેરે સમજાવ્યો છે. આ બંને ગુણના કારણે જ ભારતીય સૈન્ય વિશ્વભરમાં સૌથી બહાદુર સેનાઓમાં સ્થાન ધરાવે છે, અને ભારતીય સૈન્યની સીધી દેખરેખ હેઠળ શાળા-કોલેજો વગેરેમાં ચલાવાતી નેશનલ કેડેટસ કોર એટલે કે એનસીસી જાણે સૈન્યના પડછાયા સમાન છે. એનસીસીમાં સૈન્યની જેમ જ શિસ્ત અને સાહસિકતા અને તાલીમને મહત્વ આપવામાં આવે છે. અમદાવાદ રહેતા ગાંધીનગરના એક મહિલા એનસીસી ઓફિસરે તાજેતરમાં જ મધ્યપ્રદેશના ગ્વાલિયર ખાતેની ભારતની એક માત્ર મહિલા સૈનિકો માટેની ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમીમાં ત્રણ માસની આકરી લશ્કરી તાલીમ પૂર્ણ કરી પ્રતિષ્ઠિત 'તારક' પ્રાપ્ત કર્યો છે જે એકેડેમીના કમાન્ડેન્ટ તપનલાલ શાહ તથા અન્ય કમાન્ડન્ટના હસ્તે તેમના ખભા પર લગાડવાનું સૌભાગ્ય પણ તેમને પ્રાપ્ત થયું છે.

ગાંધીનગરના કુડાસણ વિસ્તારની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં હાલ સ્પોર્ટસ ટીચર તથા એસોસિએટ એનસીસી ઓફિસર તરીકે ફરજ બજાવતા બરખા ગંગવાણી ગાંધીનગરના સ્વ. વાસુદેવ ગિદવાણી તથા સ્વ. પદમાબેનની બે દિકરીઓ અને બે દિકરા સહિત ચાર સંતાનોમાં ત્રીજા નંબરના સંતાન છે જેમણે સે-૨૩ની શેઠ સી.એમ. હાઈસ્કૂલમાંથી પાયાનું શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી સેકટર-૧૫ની સરકારી આર્ટસ કોલેજમાંથી હિન્દી વિષયમાં ગ્રેજયુએશન કર્યું હતું. સિંધી રિવાજ મુજબ લગ્ન પછી બદલાયેલા નામ બરખા ગંગવાણીનું જન્મસમયનું નામ મેઘના ગિદવાણી હતું અને મેઘના નાનપણથી જ શાળાકીય રમતગમત પ્રવૃત્તિમાં ખૂબ જ રસ ધરાવતા હતા. શાળા કોલેજના અભ્યાસ દરમિયાન જ તેઓ એથ્લેટિકસ, કબડ્ડી, સ્લો સાઈકલીંગ, બેડમિન્ટન, વોલીબોલ જેવી રમતોમાં ભાગ લેતા હતા અને શાળામાં સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિમાં 'રાણી લક્ષ્મીબાઈ' યુનિટનું નેતૃત્વ પણ કરતા હતા. કોલેજકાળ દરમિયાન તેમણે ગોળા ફેંકમાં રાજય કક્ષાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો હતો અને હેલ્પ એજ

ઈન્ડિયાની સેવાકીય પ્રવૃત્તિમાં જોડાઈ સૌથી વધુ દાન એકત્ર કરવાનું સન્માન પણ પ્રાપ્ત કર્યું હતું. કોલેજ કાળ દરમિયાન તેમણે એનસીસીમાં જોડાઈ વર્ષ ૧૯૯૪માં નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિનની પરેડ આરડીસીમાં સમગ્ર ગુજરાતમાંથી એક માત્ર મહિલા કેડેટસ તરીકે પસંદગી પામ્યા હતા. વળી આ પસંદગીને તેમણે ત્યારે સાર્થક કરી બતાવી જયારે પરેડ દરમિયાન એમ-૧૭ હેલિકોપ્ટરમાંથી દોરડેથી લટકીને 'સેલ્યુટ' કરવાનું 'સ્લેધરીંગ'નું સાહસ કરવાનું પુરુષ કેડેટસ પણ ખચકાતા હતા તે કરી બતાવ્યું હતું. આ સાહસ સાથે તેમણે પોતાની 'ફર્સ્ટ ગુજરાત ગર્લ્સ બટાલિયન'નું મસ્તક પણ ઉન્નત કર્યું હતું.

કોલેજ પત્યા પછી મેઘના ગિદવાણીના લગ્ન થઈ જતા તેમનું નવું નામ બરખા ગંગવાણી થયું અને તેઓ પોતાના સંસારમાં વ્યસ્ત થયા હતા બે દિકરી અને એક પુત્ર એમ ત્રણ સંતાનોની માતા બન્યા છતાં તેમના હૃદયમાં સતત સાહસ, આત્મવિશ્વાસ અને ભારતીય સૈન્ય પ્રત્યેનો લગાવ યથાવત રહ્યો હતો અને મનમાંને મનમાં ભારતીય સૈન્યમાં જોડાવાના સપનાં પણ જોયા કરતા હતા. સાંસારિક જીવનના ખૂબ લાંબા અંતરાલ પછી અચાનક જીવનમાં આવેલા અણગમતા પરિવર્તને તેમને ઝંઝોળી નાંખ્યા અને આ કપરા સમયે તેમને પોતાની બહેન પૂનમનો હંમેશાની જેમ સધિયારો પ્રાપ્ત થયો જેણે તેમને ફરી જીંદગી સાથે બાથ ભીડવા પ્રેરિત કર્યા. જે કેમ્પસમાં ભણ્યા હતા તેજ કેમ્પસની આર.જી. કન્યા

શાળામાં ૨૦૧૪માં હિન્દી શિક્ષિકા તરીકે તેમણે નોકરી પ્રાપ્ત કરી અને જીંદગીનો નવો અધ્યાય શરૂ કર્યો. અહીં તેઓ શાળાના શિસ્ત ઈન્ચાર્જ પણ બન્યા અને સાથે સાથે વિદ્યાર્થીનીઓને 'એરોબિકસ' શિખવાડી ફીટનેસ જાળવવા પ્રેરત કરવા સાથે સાહસિક બનવા પ્રેરિત કરતા હતા. એકાદ વર્ષ પછી તેમને સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં હિન્દી શિક્ષક તરીકે જોબ મળી અને ત્યાં પણ તેમણે આ પ્રવૃત્તિ સાથે શાળાની સ્પોર્ટસ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સક્રીય રહેતા હતા. આ શાળામાં વર્ષ ૨૦૧૭માં પ્રજાસત્તાક દિને આર્મીના બે ઓફિસરની ઉપસ્થિતિમાં 'ડ્રીલ' પરેડનું નેતૃત્વ વર્ષો પછી સંભાળવા છતાં એવી અસરકારક લીડ કરી દેખાડી કે તેને જોઈ બંને અધિકારીઓ તેમજ શાળા સંચાલકો સુધ્ધાં પ્રભાવિત થઈ ગયા. તે દિવસથી શાળા સંચાલકોએ તેમને અભ્યાસકાર્યના બદલે સ્પોર્ટસ તથા એનસીસીની જવાબદારી સોંપી દીધી હતી. પછી તેમની પ્રતિબધ્ધતા જોઈ શાળાના મુખ્ય સ્પોર્ટસ કોચ હરજેન્દર સીંઘે તેમનું નામ પુછયાં વગર જ ગ્વાલિયરની ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી (ઓટીએ)માં નોંધાવી દીધું હતું અને શાળા સંચાલકોએ પણ મંજૂરી આપી દીધી.

ઓટીએની ત્રણ માસની આકરી તાલીમ માટે ભારતભરમાંથી ૧૬૫ મહિલા ઓફિસર્સ આવી હતી. જેમાંથી આખરી ૧૦૯ની પસંદગી થઈ જેમાં સમગ્ર અમદાવાદ ગાંધીનગરમાંથી એક માત્ર બરખા ગંગવાણી પસંદગી પામ્યા હતા. આ ત્રણ માસ દરમિયાન તેમણે તમામ પ્રકારની આકરી લશ્કરી તાલીમ જેવી કે ઊંચાઈથી કૂદવું, દોરડાં ચઢવા, પર્વત ચઢવા, કોણીથી ઘસડાતા ચાલવું, ફાયરીંગ કરવું વગેરે કડક શિસ્ત પાલન સાથે પૂર્ણ કરી એટલું જ નહી પરંતુ આ દરમિયાન તેમણે ફાયરીંગના ૩ રાઉન્ડમાં પ્રથણ સ્થાન ઉપરાંત અન્ય સ્પર્ધાઓમાં પણ યશસ્વી દેખાવ કરતા બે ગોલ્ડ મેડલ્સ પણ હાંસલ કર્યા છે. ઓગષ્ટ-નવેમ્બર-૨૦૧૮માં યોજાયેલી આ તાલીમ પછી તેઓ 'બેસ્ટ ટર્ન આઉટ'માં પસંદગી પામ્યા અને અંતે થર્ડ સ્ટાર આર્મી ઓફિસરના સમકક્ષ 'તારક' ઉપરાંત આર્મી કાર્ડ પ્રાપ્ત કરીને પોતાના સ્વપ્નને પુરું કર્યાનો સંતોષ પ્રાપ્ત કર્યો છે. બરખા ગંગવાણી કહે છે તેમની આ સિધ્ધિ શાળા કેમ્પસને કારણે છે જયાં ભગવાન સ્વામિનારાયણના આશીર્વાદની સતત અનુભૂતિ થાય છે અને હવે મારું આગામી લક્ષ્ય બે વર્ષમાં લેફટેનન્ટની પદવી પ્રાપ્ત કરવાનું છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com